# આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે વિશ્વ વ્યાપાર સંગઠન (WTO)ના પરિપ્રેક્ષ્યમાં પશુપાલન વ્યવસાય અંગે એક-દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય ખાતે તા.૦૮/૦૮/૨૦૧૮ બુધવારના રોજ પશુપાલન વ્યવસાય અંગે ગામ સુંદણ તા. આણંદની બહેનો માટે એક દિવસીય તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

તાલીમ કાર્યક્રમનું ઉદઘાટન ડૉ. કે. એસ. જાદવ, પ્રાધ્યાપક અને વડા, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ દ્વારા વિશ્વ વ્યાપાર સંગઠન WTO સેલ અંતર્ગત યોજવામાં આવતા વિવિધ તાલીમ કાર્યક્રમ અંગેની જાણકારી સાથે વિભાગની અન્ય વ્યવસાયલક્ષી પ્રવૃત્તિઓનું વર્ણન કરવામાં આવ્યું.

પ્રાસંગીક ઉદબોધનમાં ડૉ. એમ. એમ. ત્રિવેદી, પ્રાધ્યાપક અને વડા તથા તાલીમ વર્ગના ટેકનીકલ સંચાલક દ્વારા તાલીમનું મહત્વ અને તેના દ્વારા થતા ફાયદાઓની જાણકારી આપવામાં આવી સાથોસાથ દૂધાળ પશુઓની સાર સંભાળ તથા માવજત વિષય ઉપર પોતાના મંતવ્યો પણ રજૂ કર્યા. તદપરાંત તાલીમમાં વેટરનરી કોલેજના વિવિધ વિભાગોના તજજ્ઞો દ્વારા વિભિન્ન વિષયો ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યા. જેમાં ડૉ. બી. આર. દેવળીયા દ્વારા પશુ આહારના ઝેરી તત્વો અને તેના વપરાશમાં રાખવાની કાળજી, ડૉ. નીતીન પટેલ દ્વારા રોગી-નિરોગીપશુની ઓળખ- ભેદ, ડૉ, યોગેશ પટેલ દ્વારા નવજાત બચ્ચાની સાર-સંભાળ માવજત અને ઉછેર અને ડૉ. એન.પી. સરવૈયા દ્વારા ગાય ભેંસમાં ઋતુચક્ર- વેતરકાળ- બીજદાન અને ગર્ભાધાન અંગેની સમજ જેવા આનુસંગીક વિષયો આવરી લેવામાં આવ્યા હતા. થીયરી સાથે પ્રેક્ટીકલ જ્ઞાન મળી રહે તે હેતુથી પશુ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદની મુલાકાત લીધી તેમાં મીલ્કિંગ મશીન નિદર્શન કરાવવામાં આવ્યુ. અંતે તાલીમના સંચાલક પ્રોફેસર રચના બંસલ દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.




ડૉ. એમ. એમ. ત્રિવેદી, પ્રાધ્યાપક અને વડા, ડૉ. કે. એસ. જાદવ પ્રાધ્યાપક અને વડા દ્વારા ઉદઘાટન અને પ્રાસંગિક ઉદબોધન




વિવિધ વ્યાખ્યાતાઓનું વક્તવ્ય